Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



મૂરખલાલ નાં પરાક્રમો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या.....

पञ्जिका संख्या.....

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાના મોટા દરેકને ખડખડાટ હસાવતા મૂરખરાજ

મૂરખલાલનાં પરાક્રમો

(સચિત્ર)

સ્ટાક પ્રમાણીકરણ ૧૯૮૪-૧૯૮૫

: લેખક :
શ્રી. રમણલાલ પી. સોની

CHECKED 1973
Initial

કિંમત આઠ આના

એન. એમ. ઠક્કરની કંપની
બુકસેલર્સ : પબ્લિશર્સ
૧૪૦ પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ-૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક :
નંદલાલ મોહનલાલ હક્કર
એન. એમ. હક્કરની કું.
૧૪૦ પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ–૨

પ્રથમ આવૃત્તિ
૧૯૫૦

મુદ્રક :
મણિલાલ પ્રભાશંકર વ્યાસ
શ્રી લક્ષ્મી ઇલેકટ્રીક પ્રિં. પ્રેસ,
મોદીખાના રોડ, વડોદરા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

ऋते ज्ञानान्न मुक्तिः
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
पुस्तक नं. ६-२१.....
आ... ...
नि... ३०-६-५१ ...
गुरुकुल ग्रन्थालय काँगड़ी.

મુરબ્બી શ્રી મૂરખલાલ !

અહીં આપની જીવનકથાનાં થોડાં પાનાં આપની રજાથી, રજૂ કરું છું.

આપે હંમેશાં સૌને આનંદ આપ્યો છે. જાતે ઘસાઈને, જાતે કષ્ટ વેઠીને, માર ખમીને અને માર કરતાંયે વધારે ભયાનક એવા શબ્દવેણ સહીને ! આપની એ ભવ્ય જીવનલીલાનાં આ થોડાં પાનાં પણ જરૂર સૌને આનંદ આપશે.

આપે કદી પ્રશંસાની, બદલાની કે કદરની આશા રાખી નથી : આપે માત્ર યથાશક્તિ, યથામતિ સેવા કરી છે : આપે કદી કોઇનું પડાવી લેવા, કોઈનું બુરૂ કરવા, કોઇને નીચું જોવડાવવા કે રંજાડવા કોશિષ કરી નથી : આપે માત્ર તટસ્થભાવે, ભલાભાવે આપનું કામ કર્યું છે.

આપ કોઇ એક દેશના નથી. એક કાળના નથી, અમે જ્યાં નજર કરીએ ત્યાં આપની હાજરી દેખાય છે. ને આપનાં રૂડાં કામનો મહિમા સંભળાય છે. આપ અમારા ઘરમાં છો, મનમાં છો, હૃદયમાં છો, પૃથ્વી પર પહેલો મનુષ્ય જન્મ્યો ત્યારે પણ આપ હતા, ને છેલ્લો મનુષ્ય મરશે ત્યારે પણ આપ હશો. આપ સર્વત્ર છો, સર્વ કાળમાં છો. આપ અમર છો.

આપનો જય હો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: ૧ :

મૂરખલાલ ચોરની છાતીમાં પા'ણો મારે છે.

સાંજ પડવા આવી હતી. પેટમાં ભૂખ લાગી હતી. તોયે મૂરખલાલ પહેરેલ લુગડે ગામમાંથી ભાગ્યો. બેત્રણ ગાઉ તો એ દોડતો ને દોડતો ગયો, પછી પણ એણે ઘણું ચાલ ચાલ કર્યું.

છેવટે થાકીને એ એક વાવના દરવાજે બેઠો. અંધારું થઇ ગયું હતું. આગળ ચાલવાનું પગમાં જોર નહોતું. તેથી રાતવાસો વાવના ઓટલા પર જ પડી રહેવાનું તેણે નક્કી કર્યું.

રાતે કોઇ જનજનાવર સતાવે નહિ એટલા માટે તેણે લાઠી જમીન પર રોપી, તે પર પોતાનો ડગલો લટકાવી દીધો. પછી કેડે બાંધેલી ચાદર પાથરીને એ સૂઈ ગયો.

સૂતાં સૂતાં તેને વિચાર આવ્યો કે વખતે રાતે ચોર આવે ને મને લૂટી જાય તો ? પાસે એક કાણો પૈસોયે નહોતો. પણ ચોર આવીને લૂટી જાય એ કેમ પાલવે ? તેથી તે ઉઠયો, ને રસ્તામાંથી મોટા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટા પા'ણા ઉપાડી લાવ્યો. પછી પોતાના ઓસીકા આગળ પા'ણા ગોઠવીને તે આવનારા ચોરને સંબોધીને બોલ્યો: 'હવે આવજે બચ્ચા ! તારું માથું ફોડી કાઢવા માટે આ એક પા'ણો બસ છે ! એમ એવા પા'ણા મારી પાસે દશ છે.'

મધરાત થઈ. પવન વાતો હતો, ને પાંદડાં હાલતાં હતાં. લાઠી પર ભેરવેલો ડગલો થોડો થોડો હાલતો હતો. ચોગમ અંધારી રાતનું ગાઢ કાળું અંધારું હતું. એવામાં એક તણખલું ઉડીને મૂરખલાલના કપાળ ઉપર જઈને પડયું. એકદમ મૂરખલાલ જાગી ગયો. તરત તેનો હાથ પેલા પાણા ઉપર પડયો, ને નજર પેલા ડગલા ઉપર પડી.

લાઠી પર ડગલો ભરવ્યો છે, એ વાત એ ભૂલી ગયો હતો. અંધારામાં, ઉંઘના ઘેનમાં તેને લાગ્યું કે સામે ચોર ઉભો છે, ને પોતાને લૂંટી જવા આવ્યો છે.

ચોરને જોઈ મૂરખલાલે ગર્જના કરી—ખબરદાર ! ત્યાંજ ઉભો રહેજે ! નહિ તો હમણાં તારું માથું ફોડી નાખીશ !

ડગલો તો સ્થિર જ હતો. પણ મૂરખલાલ સમજ્યા કે ચોરને બીક લાગી છે. એટલે એ ત્યાં જ થંભી ગયો છે. તેથી તેણે ફરી બૂમ પાડી—હરામખોર !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાગી જા અહીંથી, નહિ તો આ પા'ણે પા'ણે તારું માથું ફોડી નાખીશ.



પણ ચોર ભાગ્યો નહિ !

મૂરખલાલે હાથમાં પા'ણો લીધો, પણ મારતા પહેલાં ફરી ચોરને ચેતવણી આપી કહ્યું: 'ભાગી જા, કહું છું. મને તું લૂંટે તોયે તને કાણું કાવડિયુંય મળવાનું નથી એ ચોક્કસ છે. પણ હું મને લૂંટવા નથી દેવાનો એ પણ ચોક્કસ છે ! ચાલ, ભાગે છે કે નહિ ! એક દો....તીન !

તીન કહેતામાં મૂરખલાલના હાથમાંથી બશેરીયો પા'ણો છૂટ્યો, ને બરાબર ચોરની છાતીમાં જઈ ચોંટ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાઠી પડી ગઈ. ડગલો પડી ગયો. મૂરખલાલ સમજ્યો કે ચોર માર ખાઈને ભાગી ગયો. પોતાની નિશાનબાજી પર ખુશ ખુશ થઈને એ લાંબો થઈને સૂઈ ગયો.

મૂરખલાલ સવારે ઉઠયો ત્યારે બે કૂતરાં એનો એક ફાટેલો જોડો ખેંચી ગયાં હતાં, અને એની માલિકી માટે સામસામાં બાઝતાં હતાં.

મૂરખે કુતરાંના મોંમાંથી જોડો ખુંચવી લીધો. તે આગળ મુસાફરી માટે તૈયાર થવા ગયો, પણ પછી કપડાં પહેરવા જતાં તેને માલુમ પડયું કે મારો ડગલો ગુમ થયો છે !

તરત એને યાદ આવી ગયું કે રાતે ચોર આવ્યો હતો. તેને થયું, નક્કી એ ચોર ભાગતાં ભાગતાં મારો ડગલો ઉપાડી ગયો !

પછી તે બોલ્યો: ' ડગલો લઈ ગયો તો ભલે લઈ ગયો, પણ મેં એની છાતીમાં એવો પા'ણો માર્યો છે કે બેટમજી અહીં હાડપિંજર થઈને પડયા હશે ! '

આમ વિચારી એ તપાસ કરવા ગયો. તો જમીન પર પડેલી પોતાની લાઠી, ને ડગલો દેખાયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડગલો પહોળો કરીને જોયું તો બરાબર એની છાતીમાં પા'ણો વાગ્યો હતો.

એ જોઈ મૂરખ બોલી ઉઠ્યો: ' જોયું, હું કેવો નિશાનબાજ છું ! બેટા ચોરને મેં કેવી બબર પાડી દીધી ! ભાઇ સાહેબે મારો ડગલો તો પહેર્યો. પણ. પછી છાતીમાં એવો પા'ણો વાગ્યો કે બોળિયા સાથે એનો જીવ ઉડી ગયો ! અત્યારે એનું હાડકું યે અહીં જોવા જડતું નથી !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: ૨ :

મગલાશા સમજે છે: હું રાંડ્યો !
મૂરખલાલ કહે છે: મારી વહુ રાંડી !

કપડાં પહેરી જોડા પહેરી મૂરખ આગળ ચાલ્યો. થોડાં ડગલાં ગયો ન ગયો, ત્યાં મલકા કાકા એને સામા મળ્યા.

મલકા કાકાને જોઈ મૂરખને નવાઈ લાગી. તે બોલી ઊઠ્યો : ' હેં મલકાકાકા ! તમે આ જંગલમાં કયાંથી ! શેઠાણીના ખબર કાઢવા મગોડી જઓ છો ! શું ? '

મલકા કાકાએ કહ્યું: ' તું મગોડીથી આવતો લાગે છે ! આટલો વહેલો કેવી રીતે ? રાત કયાં રહ્યો હતો ? '

મૂરખે હાથ લાંબો કરીને કહ્યું: ' કાલ સાંજનો નીકળ્યો છું. રાતે અહીં આ વાવ પર પડી રહ્યો હતો ! પણ તમે આ જંગલમાં કયાંથી ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



મલકા કાકા નદીએ નાહવા જાય છે

મલકા કાકા કહે—'આ જંગલ કયાં છે ? આ તો ગામ છે ! જોને, હું **લોટો પંચિયું લઇને નદીએ નાહવા ધોવા જાઉં છું !**'

મૂરખે નવાઇ પામી પૂછયું: 'હેં ! આ ગામ છે ! તો આ આપણા ગામની રામુડી વાવ ? ઓહ ! હું તો ભૂલી ગયો, ને રાત અહીં જ પડી રહ્યો !'

હવે મલકા કાકાને આ મૂરખની મશ્કરી કરવાનું મન થઈ આવ્યું. તેમણે કહ્યું: 'સારું થયું, તું અહીં પડી રહ્યો તે ! કાલે તારા ઘરમાં ભારે માઠો બનાવ બની ગયો છે !'

મૂરખે ગભરાઇને કહ્યું: 'હેં ! શો માઠો બનાવ બની ગયો છે ? મને કહો તો ખરા !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મલકા કાકાએ કહ્યું: 'તું ઘેર જાય છે, તો ઘેર જઈને જ જોજેને!'

મૂરખે કહ્યું: 'ના, પણ તમે મને હમણાં કહો! નહિ તો હું તમને જવા દેવાનો નથી!'



મૂરખલાલ આડા હાથ ધરી ઊભો

આમ કહી એ આડા હાથ કરી મલકા કાકાનો રસ્તો રોકી ઊભો.

મલકા કાકા કહે: 'અરે અરે! મને અડકતો નહિ! તું સૂતકી છે!'

મૂરખ કહે: 'હેં! હું સૂતકી છું? શું થયું છે? ઝટપટ બોલી નાખો, મલકા કાકા! એક રાતમાં મારા ઘરમાં એવું શું થઈ ગયું?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મલકા કાકાએ ધીરેથી કહ્યું: 'જો ભાઈ ! વાત બહુ માઠી બની ગઈ છે. મનેય જાણીને રહવું આવી જાય છે ! હાય રે !'

મલકા કાકાએ છેડો વાળી રોવા માંડયું.

મૂરખ કહે—'મને કહો શું થયું છે તે ! નહિ તો હમણાં તમને અડકું છું !'

મલકા કાકાએ કહ્યું: 'તેં અડકવાની બીક બતાવી એટલે હવે મારાથી કીધા વગર નહિ રહેવાય. અરેરે ! પણ સમાચાર બહુ ભૂંડા છે ! અરેરે ! છેવટે મારે મોઢે તે કહેવા પડશે ?'

મૂરખ કહે—'કહો છો કે હમણાં અડું ?'

મલકા કાકાએ ખૂબ ધીમો અવાજ કરી, ધીરેથી કહ્યું: 'જો, ભાઈ ! તું કાલે મગોડી ગયો, ને અહીં તારી વહુ રાંડી !'

મૂરખના પેટમાં એકદમ ફાસકો પડ્યો. તે બોલી ઊઠયો: 'હાય હાય ! હવે શું થશે ?'

મલકા કાકાએ કહ્યું: 'શું થાય ? પ્રભુ કરે તે ખરું ! જોડા વાડમાં કાઢી નાખીને ઉઘાડે માથે રોતો રોતો ઘેર જા !'

'પછી, કાકા ?'

'પછી એ કે સાત જણા છાનો રાખે, ત્યારે જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારે છાના રહેવું. નહિ તો લોકોમાં તારી અકીરતિ થશે. મારું કામ કહેવાનું છે, ને તારું કામ કરવાનું છે!'

'ભલે, કાકા! તમારા કહેવા પ્રમાણે કરીશ!'

મૂરખલાલે બરાબર ડાહ્યાનો વેશ લીધો, ને ઓ....ઓ....! કરતાં ગામમાં પગ મૂકયો.

રસ્તામાં મગલાશાનો મુનીમ મળ્યો. તે જાણતો હતો કે મૂરખલાલ શેઠાણીની તબિયત જોવા મગોડી ગયો છે. મૂરખને આટલો વહેલો, આવા વેશમાં, મગોડીથી આવેલો જોઈ એને ફાળ પડી. એણે મૂરખને મોંનો ઈશારો કરી પૂછયું: 'ગયાં?'

મૂરખે રોતાં રોતાં માથું હલાવી હા કહી.



મૂરખ રોતો રોતો ઘેર ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુનીમ સમજ્યો કે શેઠાણી મરી ગયાં. એ તુરતા-તુરત શેઠનાં સગાંવહાલાંમાં ખબર પહોંચાડવા દોડ્યો.

આ તરફ મૂરખ રોતો રોતો પોતાને ઘેર આવી ઊભો. એનાં માબાપ ને સમાંસંબંધીઓ બધાં ગભરાઈને દોડી આવ્યાં.

મગોડીમાં મૂરખના મામાનું ઘર હતું. મામા ઘરનું પાન હતા. તેથી મૂરખની માએ માની લીધું કે મારો ભાઈ ગુજરી ગયો. તેણે એકદમ પોક મૂકી: 'ઓ મારા ભાઈ રે !.....'



મગલાશાને ઘેર પણ રોકકળ મચી ગઈ હતી.

મૂરખની માને રોતી જોઈ મૂરખના બાપે પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોક મૂકી, અને એમાં જોડાયાં બધાં સંબંધીઓ ! ઘડીકમાં રડારોળ ને પીટાપીટ મચી ગઈ.

કોઈ મૂરખને પૂછતું નથી કે તું કેમ રડે છે, ને મૂરખ કોઈને પૂછતો નથી કે તમે કેમ રડો છો. બસ, બધાં રડે છે. પીરસેલાં ભાણાં પર બેસતાંયે માણસને વિચાર થઇ પડે છે કે બેસું કે ન બેસું. પણ અહીં રોવાની બાબતમાં કોઇને શા માટે રોવું એટલુંયે સૂઝતું નથી ! રાજીખુશીથી ને અક્કલ હુશીઆરીથી બધાં રૂવે છે !

રોઈ રોઇને સૌનું ગળું દુઃખી ગયું, પણ કોઈ કોઇને છાનું રાખતું નથી.



અલ્યા, કોણ મરી ગયું ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી તરફ મગલાશા શેઠને ઘેર પણ રોકકળ મચી ગઇ હતી, ને આખા ગામનું માણસ ત્યાં રોવા કૂટવાં ભેગું થયું હતું.

એટલામાં મલકા કાકા નદીએથી નાહી ધોઇને પાછા ફર્યા. શેઠને ઘેર રોકકળ મચેલી જોઈ એમને નવાઇ લાગી. એમણે કોઇને પૂછયું : 'અલ્યા, કોણ મરી ગયું !'

જવાબ મળ્યો: 'મગલાશાનાં શેઠાણી ! કાલે રાતે મગોડીમાં મરી ગયાં ! બિચારા મગલાશા પાકી ઉંમરે રાંડયા !'

'કોણ ખબર લાવ્યું ?'

'પેલો મૂરખલાલ !'

મલકા કાકાએ કહ્યું: 'ઠીક, તો ચાલો મૂરખને પૂછીએ!'

બેઉ જણા આવ્યા મૂરખને ઘેર, તો અહીં પણ રડારોળ ચાલતી હતી.

બંને જણે ખબર કાઢી તો માલમ પડયું કે મૂરખના મામા કાલે રાતે મગોડીમાં મરી ગયા !

મલકા કાકા કહે—'કોણ ખબર લાવ્યું ?'

બધા કહે—'મૂરખો પોતે !'

મલકા કાકા કહે—'ઠીક, તો ચાલો મૂરખને પૂછીએ!'

પછી મલકા કાકા મૂરખની સામે આવી ઊભા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મલકા કાકાને જોઈ બધા જરા નરમ પડ્યા હતા. પણ મૂરખ તો ધ્રૂસકે ધ્રૂસકે રોતો હતો.

મલકા કાકાએ કહ્યું: 'મૂરખ! હવે છાનો રહે; છાનો રહે, બાપ! છાનો! મૂઆં તે મૂઆં, હવે એ કંઈ રોવાથી થોડાં પાછાં આવવાનાં છે!'

પણ મૂરખ છાનો ન રહે!

મલકા કાકાએ ફરી કહ્યું: 'રોઈ રોઈને તારી આંખો સૂઝી આવી, મૂરખ! હવે છાનો રહે, બાપ!'

મૂરખે કાકાની સામે જોઈ કહ્યું: 'સાત જણા કયાં છે તે હું છાનો રહું?'

મલકા કાકા કહે: 'ઓહ! એ તો હું ભૂલી ગયો!'

પછી મલકા કાકાએ એકે એ સાત જણને કહ્યું: 'ભાઈ, તમે જરા મૂરખને છાનો રહેવાનું કહી જુઓ તો!'

આમ સાત જણા પૂરા થયા, ત્યારે મૂરખ છાનો રહ્યો. નાક સાફ કર્યા પછી તેણે બધાની સામે જોયું.

બધા કહે—'હાય! બિચારાની આંખો રોઈ રોઈને કેવી ફૂલી ગઈ છે! તે ન થાય? ઊભી વાટે રોતો રોતો આવ્યો છે!'

કાકાએ બધાંને શાંત કરી કહ્યું: 'હેં મૂરખ! તું મગોડીમાં મામાને ઘેર ગયો'તો?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂરખે ધીમેથી કહ્યું: 'ના !'

આ સાંભળી બધાં કહેઃ 'બાપડો ભાગોળમાંથી જ માઠા ખબર સાંભળીને પાછો ફર્યો છે !'

પછી મલકા કાકાએ પૂછયું: 'હેં મૂરખ ! તું કેમ રૂવે છે ?'

મૂરખે એકદમ પોક મૂકી કહ્યું: 'હાય હાય રે ! મારી વહુ રાંડી !'

આ સાંભળતાં જ સૌ આભા બની ગયા !

મલકા કાકા કહે—' લ્યો સાંભળો ! નથી શેઠાણી મરી ગયાં, કે નથી મામા મરી ગયા. આ તો ભાઈ સાહેબની વહુ રાંડી છે !'



એની અક્કલ રાંડી !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધાં હસી પડ્યાં !

મૂરખનાં માબાપને તો બહાર મોં દેખાડવા જેવું રહ્યું નહિ !

લોકો કહે—' અલ્યા મૂરખ ! તારે વહુ જ ક્યાં છે તે રાંડી ? હજી પરણ્યો નથી, સગપણ થયું નથી, તું અહીં જીવતો ઊભો છે, ને એટલામાં તારી વહુ રાંડી ?'

' વહુ શું રાંડે, **એની અકકલ રાંડી !** ' કહી મલકાકાકા ત્યાંથી ચાલી ગયા.

ટોળે મળેલા લોકો પણ હસતા હસતા પોતપોતાને ઘેર ગયા. મગલાજ્ઞા શેઠને ઘેર પણ રડારોળ બંધ થઇ ગઇ.

બધાના ગયા પછી મૂરખના બાપે મૂરખને સારી પેઠે ધબેડી નાખ્યો.

પણ બધાં પોતાને કેમ વઢે છે, ને બાપા પોતાને કેમ ધબેડે છે તેની મૂરખને કંઇ સમજ પડી નહિ ! તે વિચારમાં પડી ગયો કે જો વહુ નથી રાંડી, તો પછી કોણ રાંડયું છે ! આટલી બધી રોકકળ અમથી થાય નહિ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: ૩ :

મૂરખલાલ ખીલા હેઠે રૂપિયા દાટે છે

મૂરખલાલનો બાપ બિચારો જનમ આખો મૂરખની ચિંતા કરી કરી છેવટે મરણ પામ્યો.

બ્રાહ્મણ, જિંદગી આખી મહેનત કરી થોડું ઘણું પાછળ મૂકતો ગયો હતો. બાપનું કારજ વગેરે પતી ગયા પછી માદીકરાએ પોતાની મિલકત ગણી જોઇ તો રૂપિયા નવસો નવાણું રોકડા નીકળ્યા !

મૂરખ બોલી ઊઠ્યો: ' અધધધ ! આટલા બધા રૂપિયા ! આટલા તો મગલાશા શેઠના પણ ઘરમાં નથી !'

માએ કહ્યું: ' કોણે કહ્યું તને ? '

મૂરખે કહ્યું: ' વાહ ! હું ન જાણું ! એમના ઘરનો ગોખલે ગોખલો મારો જોયેલો છે ! '

માએ કહ્યું: ' હશે, બાપ ! તું ડાહ્યો ! પણ આ રૂપિયા આપણે કયાં રાખીશું ? '

મૂરખ કહે: ' કોઇને વહેમ ન પડે એવી જગ્યાએ રાખીએ ! '

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માને લાગ્યું કે મૂરખ આજે બહુ ડહાપણની વાત કરે છે. તેણે કહ્યું: 'તારા બાપા તો પટારામાં રાખતા!'

મૂરખ કહે: 'છટ્! એ તો નરી મૂર્ખાઈ કહેવાય! પટારો ઉપાડી જતાં ચોરને શી વાર?'

માએ કહ્યું: 'ચોર પટારો કેવી રીતે ઉપાડી જાય? પટારો કંઈ નાનો છે? વળી ઘરની અંદર છે, ને બારણામાંથી નીકળે એવો નથી!'

મૂરખે હસીને કહ્યું: 'હં, કેવી વાત કરે છે તું! બારણામાંથી ન નીકળે તેથી શું? ચોર તો આખી ભીંત જમીનદોસ્ત કરીને પટારો ઉપાડી જાય! ચોર કોનું નામ?'



માએ કહ્યું: 'ક્યાં દાટીશું?' મૂરખે કહ્યું: 'ક્યાં તે વાડામાં!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માએ વિચારમાં પડી જઈ કહ્યું: 'તો શું કરીશું?'

મૂરખે કહ્યું: 'મારું માનો તો રૂપિયા દાટો!'

'કયાં દાટીશું?'

'કયાં તે વાડામાં! એક માટલામાં ભરી, પેલા ગાય બાંધવાના ખીલડા નીચે દાટી દેવાના! ખૂંટાની નિશાની પણ રહે, ને કોઈ જાણે કે કરે!'

માને આ વાત ગમી. દીકરો હવે બૂબ સમજણો થઈ ગયો છે, એવી તેને ખાતરી થઈ ગઈ.

નવસો નવાણું રૂપિયા રોકડા એક મોટા માટલામાં ભરી, ઘરના પાછલા વાડામાં, **ગાય બાંધવાના ખીલા નીચે દાટી દેવામાં આવ્યા.**

પણ હવે રાત ને દિવસ મૂરખના મગજમાં નવસો નવાણું રોકડા રમતા હતા. આટલા રૂપિયા બીજા કોઈની પાસે છે કે નહિ એ જાણવાનું એને બહુ મન હતું, તેથી જેને તેને એ પૂછતો: 'તમારી મૂડી કેટલી?'

કોઈ કહે: 'સો રૂપિયા.'

કોઈ કહે: 'બસો!'

મૂરખ હસીને કહે—'બસ! નવસો નવાણું રોકડા તો નહિ ને?' પછી એ બોલતો બોલતો ચાલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જતો. ' બબ્બે બીલા હેઠ, નવસો નવાણું રોકડા !'

થોડા દિવસ પછી મૂરખે મગલાશા શેઠને જ સીધો સવાલ પૂછ્યો: 'શેઠ, તમારી મૂડી કેટલી!'

મગલાશા શેઠે મૂરખની મૂર્ખાઈ જોઈ લીધી હતી. પણ મૂરખ ઉપર એમને દયા આવતી હતી, તેથી એમણે એને નોકરીમાં રહેવા દીધો હતો.

શેઠે કહ્યું: ' મારી મૂડી જાણીને તારે શું કામ છે, મૂરખ ? '

મૂરખે કહ્યું: 'કામ તો શું હોય, પણ જાણું તો ખરો !'

શેઠે કહ્યું: ' જો ભાઈ, અમારી વાણિયા ભાઇની પાસે મૂડીમાં લાખ રૂપિયાની શાખ, બે લાખ રૂપિયાની પળ, ને સાત લાખ રૂપિયાની અગમ બુદ્ધિ ! '

મૂરખને આમાં કંઈ સમજ પડી નહિ. તેણે પૂછ્યું: ' પણ રોકડા કેટલા ? '

શેઠે ઓહ કરી કહ્યું: ' રોકડા તો, ભાઈ ! પાંચ પચીસ રૂપિયાથી વધારે ન હોય ! '

મૂરખે હસીને કહ્યું: ' બસ, પાંચ પચીસ રૂપિયા ! હું જાણતો જ હતો ! નવસો નવાણું રોકડા તો નહિ ને !'

ચતુર શેઠ સમજી ગયા કે મૂરખ નવસો નવાણુંનો આંકડો બોલે છે, માટે જરૂર એટલી રકમ એની પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોવી જોઈએ. તે નવાઈ પામી બોલ્યા: 'નવસો નવાણું રોકડા? બોય મા! એટલા બધા હોય તો હું રાખું કયાં?'

'કેમ કયાં રાખું? શું એટલું રાખવાની તમને જગ્યા નથી જડતી?'

આમ કહીને એ બોલી પડ્યો—'બબકે ખીલા હેઠ, નવસો નવાણું રોકડા!'

શેઠે કહ્યું: 'ફરી બોલ! ફરી બોલ! દૂહો બહુ ફક્કડ છે!'

મૂરખ ફરી લહેકો કરી બોલ્યો: 'બબકે ખીલા હેઠ, નવસો નવાણું રોકડા!'

શેઠ સમજી ગયા કે ખીલા હેઠળ મૂરખાએ નવસો નવાણું રૂપિયા દાટ્યા છે. તેમણે તે જ દિવસે મૂરખની માને બોલાવીને કહ્યું: 'છોકરાને તો અક્કલ નથી, પણ તમને યે નથી? આવું કરશો તો કાલે ભીખ માગશો!'

બ્રાહ્મણીએ નવાઈ પામી કહ્યું: 'શું થયું, શેઠ?'

શેઠે કહ્યું: 'ખીલા હેઠળ રૂપિયા દટાતા હશે? નવસો નવાણું રોકડા!'

પોતાની છૂપી વાત ઉઘાડી પડી ગઈ, તેથી નવાઈ પામી મૂરખની માએ કહ્યું: 'તમને કેવી રીતે ખબર પડી?'

પુસ્તકાલય
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેઠે કહ્યું: 'તમારો મૂરખલાલ બધે બબડતો ફરે છે કે, અબ્બી આડા હેઠ નવસો નવાણું રોકડા!'

બ્રાહ્મણીએ માથું કૂટી કહ્યું: 'હાય! હાય! તો તો રૂપિયા ગયા સમજું!'

શેઠે કહ્યું: હમણાં ને હમણાં જઈને તપાસ કરો, ને રૂપિયા હોય તો કાઢીને, મારો વિશ્વાસ હોય તો મારે ત્યાં, નહિ તો ભગલાશાને ત્યાં, નહિ તો છગલાશાને ત્યાં, ચોપડામાં ખાતું પડાવીને, અને સાક્ષી રાખીને મૂકી દો! પણ જોજો, પાછું દીકરાને એ કહેશો નહિ!'

અદ્ધર જીવે મૂરખની માએ ઘેર આવી પહેલી રૂપિયાની તપાસ કરી. રૂપિયા સલામત હતા. તરત ટોપલામાં ભરી બધાએ રૂપિયા ભગલાશાને ઘેર મૂકી આવી. ભગલાશાએ કહ્યું: 'તમારા રૂપિયામાંથી એક પાઇ પણ મને હરામ છે! ત્રણ ટકા વ્યાજ આપીશ, બાઈ! ને તું માગશે ત્યારે, કાળી રાતે તારા રૂપિયા દુધે ધોઈને પાછા આપીશ!'

બ્રાહ્મણીની આંખમાં પાણી આવી ગયાં. તે ઘેર ગઈ.

ઘેર જઈને જુએ તો ત્યાં આંગણામાં અડધું ગામ ભેગું થયેલું. માને જોઈને વાડામાંથી દોડતા આવી મૂરખે બુમ પાડી: 'મા! મા! ગજબ થઈ ગયો! આપણા નવસો નવાણું કોઠ લઈ ગયું! ખીલો કાઢી નાખ્યો છે, માટલી ફોડી નાખી છે, રૂપિયો એક પણ નથી!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મા કંઈ બોલી નહિ. એ આંગણામાં બેસી પડી.

ટોળે વળેલા લોકોમાંથી કોઈએ પૂછયું: 'મૂરખ, આટલા બધા રૂપિયા તેં કયાં મૂકયા હતા ?'

મૂરખે તરત લહેકો કરી કહ્યું: 'કયાં તે ત્યાં ! બબ્બે ખીલા હેઠ નવસો નવાણું રોકડા !'

બેચાર જણ બોલી ઊઠ્યા: 'અરે ! આવું તો તું રોજ રસ્તે બોલે છે !'

મૂરખ કહે—'તે ન બોલું ? વાડામાં ખીલા હેઠળ મેં રૂપિયા દાટયા હતા ! રોકડા નવસેં નવાણું ! ન માનતા હો તો પૂછો આ મારી માને !'

લોકોએ હસીને કહ્યું: 'તો ભાઈ ! ગાયા કરો, ને મનમાં માન્યા કરો કે બબ્બે ખીલા હેઠ નવસેં નવાણું, એમાં એક ઓછો નહિ !'

મૂરખ માની સામે જોઈ કહે—'હેં મા ! હું ખોટું કહું છું ! પૂરા નવસેં નવાણું હતા કે નહિ ! રોકડા નવસેં નવાણું, એમાં એક ઓછો નહિ !'

લોકો હસીને કહે—'પણ અમે કયાં ઓછો કહીએ છીએ !'

મૂરખે રૂપિયાની ચોરીની થાણામાં ફરિયાદ કરવાનો વિચાર કર્યો. પણ કોટવાલ ચોર વિષે કેવા સવાલો પૂછે છે એની એને ખબર હતી. તેથી એણે એ વિચાર માંડી વાળ્યો. એની મા પણ બોલી નહિ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: ૪ :

મૂરખલાલ ધોતિયું લઇને પાઘડી વેચે છે.

ગામમાં મગલાશાની કાપડની મોટી દુકાન હતી. દુકાનનો અનુભવ લે તો સમજદાર થાય એમ સમજી મગલાશા મૂરખને દુકાનમાં બેસાડી રાખતા.

એક દિવસ મૂરખ દુકાનમાં બેઠો હતો. શેઠ ઘેર જમવા ગયા હતા. અને ગુમાસ્તો હાજર ન હતો. એવામાં એક ઘરાક આવ્યો.

મૂરખલાલે વિનયથી એને બેસાડીને પૂછ્યું: 'બોલો, શું બતાવું, શેઠ ?'

ઘરાકે ધોતિયાં જોવા માગ્યાં. મૂરખે એક પછી એક ધોતિયાં બતાવ્યાં, તેમાંથી એક જાત ઘરાકે પસંદ કરી.

થોડી વાર પછી, ઘરાકે વિચાર કરીને કહ્યું: 'તમે પાઘડીનું લૂગડું રાખો છો કે નહિ ?'

મૂરખે કહ્યું: 'હા, હા, જેવું કહો તેવું બતાવું !'

આમ કહી એણે પાઘડીઓ બતાવવા માંડી. ઘરાકે એમાંથી એક સારી જોઇને પાઘડી પસંદ કરી.

પછી તે બોલ્યો: 'એમ કરો, મૂરખલાલ ! આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધોતિયું મારે નથી જોઇતું. એને બદલે હું આ પાઘડી લઈ જાઉં છું !'

મૂરખે ધોતિયું પાછું લઇ કહ્યું: 'ભલે, પાઘડી લઈ જાઓ !'



મૂરખે બૂમ પાડી—'અરે ભાઈ ! પણ એ પાઘડીના પૈસા તો આપતા જાઓ !'

ઘરાકે એની સામે ફરી કહ્યું : 'કાંઈ ગાંડા થયા તમે ! પેલું ધોતિયું આપીને એના સાટામાં મેં આ પાઘડી લીધી છે—એટલામાં કેમ ભુલી જાઓ છો !'

મૂરખે વિચાર કરી કહ્યું: 'તો એ ધોતિયાના પૈસા આપો !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘરાકે હસી પડી કહ્યું : 'વાહ ! કેવી વાત કરે છો તમે ! ધોતિયું તો તમારી દુકાનમાં પડયું છે મેં લીધું હોય તો એના પૈસા આપું ! વેપારી થઈ તમે આટલું સમજતા નથી ? !'

મૂરખ અરેખર વિચારમાં પડી ગયો. ઘરાકે ધોતિ લીધું ય નહોતું. પછી ધોતિયાના પૈસા એની પા મગાય કેવી રીતે !

ઘરાક પાઘડી લઈને વિદાય થઈ ગયો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: ૫ :

મૂરખલાલ બારીનું માપ લાવે છે.

એક દિવસ મગલાશા શેઠે કહ્યું: 'મૂરખ! આપણી દાણાની વખારની બારી કેટલી પહોળી છે એ તું ને હીરો જઈને માપી આવો! દોડતા જજો, ને માપ સાચવીને લાવજો!



'ભલે શેઠ!' કહી મૂરખ હીરાની સાથે ઉપડયો. આ હીરો મૂરખની જ ઉંમરનો એક છોકરો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે મૃગલાશાની શેઠાણીનો મશિયાઇ ભાઈ થતો હતો. તેથી શેઠાણીના કહેવાથી શેઠે તેને પોતાને ત્યાં કામકાજ શીખવા રાખ્યો હતો, એનું નામ હીરો હતું. અને એ હતો પણ અસલ હીરા જેવો !

મૂરખ અને હીરો બંને વખારમાં આવ્યા. વખાર ઉઘાડી, મેડા પર ચડી, બંનેએ બારીનું માપ લેવા માંડયું. મૂરખે બે હાથ લાંબા કરી બારીનું માપ લીધું, પણ બારી પૂરી એક વામ લાંબી નહોતી. તેથી એક વામમાં તે કેટલી ઓછી છે તેનું માપ હીરાએ લીધું. બરાબર બે બાજુથી એક એક વેંત ટૂંકી હતી.

મૂરખ કહે—'શેઠે તો આપણને એકલી લંબાઇ માપવાનું કહ્યું છે, પણ આપણે લંબાઇને ટૂંકાઇ બેય માપી કાઢી ! આનું નામ અગમ બુદ્ધિ !'

આમ કહી એ ધડધડ નીચે ઉતરી ગયો, ને બોલ્યો: 'તું બારી બંધ કરી તારા બે વેંત લઈને આવ, હીરા, એટલામાં હું મારો વામ લઇને જાઉં છું.'

હીરો કહે—'ભલે, તું બારણાં બંધ કરી હાલતો થા, હું આવું છું !'

મૂરખે નીચે ઉતરી ઘરનાં બારણાં બંધ કરી, ઝટપટ તાળું લગાવી દીધું. એટલામાં તેને યાદ આવ્યું કે માપ ભૂલી તો નથી ગયો ને ! ફટ દઈને તેણે બેય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથ લાંબા રાખી તેણે બેઉ રસ્તે દોટ મૂકી.

આ તરફ હીરો મેડા પરથી નીચે ઉતરીને જુએ છે તો બારણું બંધ! તેણે અંદરથી ઉઘાડવાનો ઘણો પ્રયત્ન કર્યો, પણ બારણું ઉઘડેજ શાનું? તેને નવાઇ લાગી કે મેં મૂરખને બહારથી બારણું બંધ કરવાનું કહ્યું હતું; પણ બારણું અંદરથી કેવી રીતે બંધ થઇ ગયું! તેણે બૂમ પાડી: 'મૂરખ! મૂરખ! બારણું ઉઘાડ!'

મૂરખ તે વખતે પહોળા હાથ કરીને દોડવાનું કરતો હતો. તેણે જવાબ દીધો: "મારા હાથ કામમાં છે. હું જઉં છું. તારા વેંત લઈને તું પાછળ દોડતો આવ!"

હીરો ફરી મેડા ઉપર ગયો; તેણે બારી ઉઘાડીને જોયું તો નીચે રસ્તા પર થઇને મૂરખ લાંબા હાથ કરી દોડતો જતો હતો. મૂરખ આગળ જતો રહે, ને પોતે પાછળ રહી જાય તે ઠીક નહિ, એમ સમજી તેણે એકદમ બારીમાંથી નીચે ભૂસકો માર્યો.

બારી બહુ ઊંચી નહોતી. એટલે હીરાને બહુ વાગ્યું નહિ, પણ એના હાથ પગ જરા છોલાયા, અને ડાબા હાથનો અંગૂઠો અમળાઇ ગયો, તેથી ડાબા હાથનો વેંત બરાબર લાંબો થયો નહિ. તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈ તે બોલી ઉઠયો: 'અરેરે ! મારો હાથ્યો વેંત બારીમાં રહી ગયો !' આમ અફસોસ કરતો તે ધીરે ધીરે શેઠની દુકાન તરફ ચાલી નીકળ્યો.

આ તરફ મૂરખલાલ લાંબા હાથ કરી દોડતો જતો હતો. દોડતાં દોડતાં કેળાની છાલ ઉપર પગ પડતાં તે જમીન ઉપર લાંબો થઈને પડ્યો. એની હડપચી ભાંગી ગઈ. બે ચાર માણસોએ દોડી આવી એને બેઠો કર્યો, પણ હજી એણે એના હાથ લાંબા ને લાંબા રાખ્યા. એક જણે એનો હાથ વાળી જોવાનો પ્રયાસ કર્યો, પણ મૂરખ બૂમ પાડી ઊઠયો: 'અરે ! અરે ! મારું માપ બોવાઈ જશે !'

લોકોએ કહ્યું: 'શાનું માપ ! અહિં કયાં છે માપ !' મૂરખે ચિડાઈને કહ્યું: 'જોતા નથી, આ હાથ પહોળા કર્યા છે તે ! એ મગલાશા શેઠની બારીનું માપ છે ! માપ બોવાઈ ન જાય માટે તો હું બે હાથ પહોળા કરીને ચાલું છું !'

લોકોને હસવું આવ્યું. સૌએ તેને જવા દીધો.

ધીરે ધીરે મૂરખ મગલાશા શેઠની દુકાને આવી પહોંચ્યો. શેઠે કહ્યું: 'લાવ્યો માપ ?'

મૂરખે કહ્યું: 'હા શેઠ ! જલદી જલદી લઈ લો ! મારા બભા દુખે છે !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેઠે નવાઈ પામી કહ્યું: 'એક બારીનું માપ લેવા ગયો એટલામાં તારા બબા દુખી ગયા. બહુ સુંવાળો થઈ ગયો લાગે છે.'

મૂરખે કહ્યું: 'તે ન દુખે, શેઠ? કયારનો આમ લાંબા હાથ કરીને આવું છું!'

શેઠે કહ્યું: 'પણ લાંબા હાથ કરીને આવવાનું તને કોણે કહ્યું હતું?'

મૂરખે નવાઈ પામી કહ્યું: 'તો પછી હું માપ કેવી રીતે લાવું? એ બારીનું માપ છે!'

શેઠે હસીને કહ્યું: 'ઓહ, સમજ્યો!'

મૂરખે કહ્યું: 'હું બારીની લંબાઈ લાવ્યો છું શેઠ! અને બારીની ટુંકાઈ લઈને હીરો આવે છે.'

એટલામાં હીરો આવી પહોંચ્યો. શેઠને જોતાંજ એણે કહ્યું: 'મારાં તો હાડકાં ભાંગી ગયાં, શેઠ! વખારની બારી ઓરસ છે! મારો કાબો વેંત એણે લઈ લીધો!'

મૂરખની વાતમાં શેઠને કંઈકે સમજ પડી હતી, પણ હીરાની વાતમાં તો કંઈ જ સમજાયું નહિ. તે નવાઈ પામી સાંભળી રહ્યા.

પછી હીરો કહે—'બારી જમણી બાજુથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમણો વેંત ટૂંકી છે, ને ડાબી બાજુથી વેંત ટૂંકી છે. પણ મારો ડાબો વેંત બારીમાં રહી ગયો છે !'

શેઠને કશી સમજ પડતી નહોતી. એમની મતિ મુંઝાવા માંડી હતી. તેમણે મુનીમને કહ્યું: 'મુનીમ! તમે જઈને જરા બારીનું માપ લઈ આવો તો! એમની વાતમાં તો મને કંઈજ સમજ પડતી નથી!'

નવાઈ પામી મૂરખે બે હાથ ફરી લાંબા કરીને કહ્યું:'એટલી સમજ પડતી નથી? આ બારીની લંબાઈ!'

હીરાએ જમણો હાથ બતાવી કહ્યું: 'અને આ એની જમણી બાજુની ટૂંકાઈ! માન્યામાં ન આવતું હોય તો ભલે મુનીમજીને મોકલો. હજી બારી ઉઘાડી છે!'

શેઠે ગભરાઈને કહ્યું: 'અરે મુનીમજી! આ મૂરખાઓ બારી ઉઘાડી મેલીને આવ્યા છે. જાઓ! જલદી જાઓ!'

હીરાએ કહ્યું: 'જાઓ તો બારીમાંથી મારો વેંત લેતા આવજો!'

શેઠે ચિડાઈને કહ્યું: 'હવે બેસો ત્યાં છાનામાના! બોલવાના કંઈ ઢંગધંગ છે કે નહિ?'

હીરાએ નવાઈ પામી મૂરખની સામે જોયું. મૂરખે હીરાની સામે જોયું. બંને એકબીજાને કહેતા હતા: 'શેઠ થયા છે ને આટલું એ સમજતા નથી!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: ૬ :

મૂરખલાલનો ગોઠિયો હીરો હીરાની પરીક્ષા કરતાં શીખે છે !

હીરાની ઓળખાણ પણ જરા કરી લેવા જેવી છે. એક વાર શેઠાણીના કહેવાથી મગલાશા એને એક હીરો ભેટ આપી કહ્યું: ' લે, આ હીરો હું તને ભેટ આપું છું; સાચવીને રાખજે. તારા લગન વખતે તારી વહુની નથડીમાં જડાવીશું ! રૂડું દેખાશે ! '

હીરો ખિજાઈને કહે—' વહુની નથડીમાં શા માટે ? મારી નથડીમાં કેમ નહિ ?'

શેઠે તપીને કહ્યું: ' પણ તેં કયાં નાક વીંધાવ્યું છે તે ? '

હીરો કહે—' આજ ને આજ વીંધાવી લઉં ! '

જેમ તેમ કરી મગલાશા શેઠની શેઠાણીએ હીરાને વાળ્યો, ને હીરો લઇ પોતાની પેટીમાં સાચવીને મૂકયો.

પણ હીરાને મનમાં વસી ગયું કે હવે હું હીરાવાળો છું. તે જેને તેને કહ્યા કરે: ' જાણો છો હું હીરો, હીરાવાળો છું ! '

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક ગોઠિયાએ આ સાંભળી હીરાનો હીરો પડાવી લેવાનો વિચાર કર્યો.

તે બન્નરમાંથી સાકરના નાના નાના ગાંગડા લઇ આવ્યો. પછી હીરાની પાસે જઇને કહે—'કેમ હીરા શેઠ! તમે તો હવે અમારી સામું પણ જોતા નથીને, કાંઈ!'

હીરો એની સામે જોઈ રહ્યો. ગોઠિયાએ કહ્યું: 'ન ઓળખ્યો મને? તમારો હું ઉસ્તાદ છું!'

હીરાએ આ માણસને કદી જોયો પણ નહોતો. પણ એણે પોતાને હીરા શેઠ કહ્યો તેથી ખુશ થઈ તે એની સાથે ચાલ્યો.

થોડે ગયા પછી બન્ને એક ઝાડની છાંયે બેઠા. પછી બરસામાંથી સાકરના ગાંગડા કાઢી ઉસ્તાદે હીરાની સામે ધરીને કહ્યું: 'લે દોસડા! સાકર! ખા ને ખુશ થા!'

હીરો ચકચકતા પાસાદાર સાકરના ગાંગડા જોઇ ખુશ થયો.

ઉસ્તાદ કહે—'છેને હીરા જેવા! ખા દોસ્ત, ખા!'

હીરાએ એક ગાંગડો મોંમાં મૂકયો, ને ભમરાવવા માંડયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉસ્તાદે કહ્યું: 'દોસ્ત, તેં કદી હીરો જોયો છે ?'

હીરો કહે—'વાહ ! મેં નહિ જોયો હોય તો કોણે જોયો હશે ? મારું નામ હીરો છે, ને મારી પાસે પણ એક હીરો છે !'

ઉસ્તાદે કહ્યું: 'સાચો છે કે ખોટો ?'

હીરો કહે—'મગલાશા શેઠે આપ્યો છે, એ ખોટો કેમ હોય ?'

ઉસ્તાદે નવાઇ દેખાડી કહ્યું: 'મગલાશા શેઠે આપ્યો છે ? એ વાણિયો કદી કોઇને હીરો આપે ખરો ?'

હીરો કહે—'કેમ ન આપે ? હું એનો સાળો થાઉં છું !'

ઉસ્તાદ કહે—'બાપ કેમ નથી થતો ? પણ મગલાશા વાણિયો કોઇને હીરો આપે નહિ. અને આપે તો ખોટોજ આપે !'

હીરો વિચારમાં પડી ગયો; પછી કહે—'પણ સાચો કે ખોટો એની કેવી રીતે ખબર પડે ?'

ઉસ્તાદ કહે—'એ તો સાવ સહેલું છે.. તું હીરો લઈ આવે તો હમણાં બતાવું !'

હીરો કહે—'તમે અહીં બેસજો, હું હમણાંજ લઇને આવું છું.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉસ્તાદ કહે—' તું ન આવે ત્યાં લગી આ સાકર પડી રહેશે, હું એક ગાંગડોયે મોંમાં મૂકવાનો નથી; શું સમજ્યો ? '

હીરાએ ઘેર જઈને બહેનની પાસે ઉત્પાત કરી મૂક્યો: ' લાવ મારો હીરો ! મારે એનું કામ છે ! '

બહેને કહ્યું: ' હજી તારું સગપણ તો થાય, પછી તને આપીશ.'

હીરાએ કહ્યું: ' એમ કરીને તારે એ લઈ લેવો છે ! પણ હું કોઇથી છેતરાઉં એવો નથી. હમણાં ને હમણાં મારો હીરો લાવ ! '

કંટાળીને મગલાશા શેઠની શેઠાણીએ હીરાને હીરો કહાડી આપ્યો. મૂઠીમાં હીરો લઈ હીરાએ દોટ મૂકી, સીધો એ ઉસ્તાદ પાસે આવી ઉભો. પછી કહે—' હીરો લાવ્યો છું. હવે મને હીરાની પરીક્ષા કરતાં શીખવાડો ! '

ઉસ્તાદ કહે—' ઘણી ખુશીથી ! પહેલું તો કહે, કે આ સાકર છે એની કેવી રીતે અબર પડે છે ? '

હીરો કહે—' ખાંવાથી ! '

ઉસ્તાદ ખુશ થઈ કહે—' બસ ત્યારે ! ખાવાથી વસ્તુની પરખ થઈ જાય છે ! અરે, મોંમાં મૂકવાથી એની અબર પડી જાય છે ! જેવું સાકરનું તેવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હીરાનું ! તું જ કહેને, હીરા જેવી સાકર મોંમાં નાખીએ તો આટલી ગળી લાગે છે, તો **સાચેસાચો હીરો કેટલો ગળ્યો લાગે ! વિચાર કરી જો !**



હીરો વિચારમાં પડી ગયો !

ઉસ્તાદે એના બંને ખભા પકડી હલાવી નાખી કહ્યું: 'હું કહું છું, વિચાર કરી જો !'

હીરો કંઈ બોલ્યો નહિ.

ઉસ્તાદે ફરી એને હચમચાવી નાખી કહ્યું: 'હું કહું છું, વિચાર કરી જો !'

હીરાએ મૂઠી ઉઘાડી હીરા સામે જોયું, પછી હીરો મોંમાં મૂકી એ ભમરાવવા માંડ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉસ્તાદે કહ્યું: 'મમરાવ ! બરાબર મમરાવ ! સાચે-સાચો હીરો હશે તો ગળ્યો જ ગળ્યો લાગશે. ને બનાવટી હશે તો થૂ.....થૂ !'

હીરાએ થૂ થૂ કરવા માંડયું: હીરો એના મોંમાંથી નીકળી નીચે પડ્યો.

ઉસ્તાદે એની ઉપર ધૂળ વાળી દીધી, પછી કહ્યું: 'થયું ને, મગલાશા શેઠિયો એના સાળાને કેવો છેતરે છે તે ! એના મનથી એમ કે તું કશું સમજતો નથી. પણ તારે મારા જેવા ભાઇબંધ છે એની એને કયાં ખબર છે ? ખબરદાર ! પણ ભાઇબંધીની એને વાત ન કરતો !'

હીરો કંઇ બોલ્યો નહિ.

પછી ઉસ્તાદે સાકરનું પડીકું હીરાના ગજવામાં ઠોંસીને ઘાલતાં કહ્યું: 'દેખ, સાચી ભાઇબંધી આનું નામ ! ખા ને મોં ગળ્યું કર ! મગલાશાને પણ બે ગાંગડા આપજે ને કહેજે કે હીરો કેવો ગળ્યો હોય એની મને ખબર છે.'

આમ કહી એણે હીરાને ઘેર વિદાય કર્યો, પછી ધૂળમાંથી હીરો ઉપાડી લઈ પોતે પોતાને રસ્તે પડયો !

* * *

ઘેર આવી હીરાએ આખા ઘરમાં સાકર વહેંચી. બધાએ માની લીધું કે આજે હીરાનું સગપણ થયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના ભાઈનું સગપણ થયું માની શેઠાણી ખુશ ખુશ થઈ ગયાં.

બપોરે એમણે શેઠને કહ્યું: 'હું નહોતી કહેતી કે મારો હીરો હોંશિયાર છે ! કેવું ઘડીકમાં એનું સગપણ થઈ ગયું ! હા, પણ કોને ત્યાં થયું એ તો મને કહો; ઓધડશાને ત્યાં ?'

શેઠે નવાઈ પામી કહ્યું: 'કોણે કહ્યું કે સગપણ થયું ? હું તો કંઈ જાણતો નથી !'

શેઠાણીએ કહ્યું: 'સાકર નથી ખાધી તમે ?' આમ કહી તેણે બુમ પાડી હીરાને બોલાવ્યો, ને હસીને મીઠો ઠપકો આપતાં કહ્યું: 'અલ્યા ! બધાને સાકર આપી, અને તારા બનેવીને ભૂલી જ ગયો ! ત્યારે વહુ આવશે તો તેનેય ભૂલી જઈશ !'

હીરાએ કહ્યું: 'કોણ કહે છે નથી આપી ? બે ગાંગડા આપ્યા છે !'

શેઠાણીએ કહ્યું: 'પણ તારું કયાં સગપણ થયું એ તો કહે ! શેઠ તો કાંઇ કહેતા નથી !'

હીરાએ ખુશ થઈને કહ્યું: 'હેં ! મારું સગપણ થયું ? તો મને કેમ કહેતા નથી ?'

શેઠે ચિડાઈને શેઠાણીને કહ્યું: 'લે, સાંભળ !'

શેઠાણી ખુબ મુંઝાઈ, તે હીરાની સામે તાડૂકીને બોલી: 'અરે, તો આ સાકર શાની વહેંચી તેં ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હીરો બોલી પડ્યોઃ 'શાની તે તમે મને ખોટે-ખોટા હીરા આપી ખરેખરો છેતરો છો એની !'

શેઠે નવાઇ પામી પૂછ્યું: 'અમે તને છેતરીએ છીએ ?'

હીરાએ હિંમતથી કહ્યું: 'હા, તમે મને ખોટો હીરો નહોતો આપ્યો ?'

શેઠ શેઠાણી બન્નેએ એક સાથે કહ્યું: 'કોણે કહ્યું કે ખોટો હીરો ?'

હીરો ઠાવકાઇથી કહે—'હું જાણું છું. હું જાણું છું સાવ ખોટો હીરો છે ! ન મળે રસ કે ન મળે કસ. મેં તો થુ થુ કરી એ ફેંકી દીધો !'

શેઠ આભા બની ગયા. તે બોલ્યા: 'ફેંકી દીધો ?'

હીરાએ કહ્યું: 'હા ફેંકી દીધો ! શું કરે એવા પથરાને ! એના કરતાં સાકરનો ગાંગડો વધારે ગળ્યો લાગે છે !'

આમ કહી હીરો જતો રહ્યો.

શેઠાણીએ નીચું જોયું. શેઠે શેઠાણીની સામે જોઇ કહ્યું: 'હવે બીજો હીરો આપવો છે આને ?'

શેઠાણીએ શેઠના પગમાં પડી કહ્યું: 'હવે એને કંઇ આપવાનું નામ ન દેશો ! એ ટંક રોટલો આપો છો એટલું જ બસ છે !'

.....

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવું ચિત્રમય બાલ-કુમાર સાહિત્ય

મૂરખલાલનાં પરાક્રમો સેટનાં	૨–૧૨	કુમાર કથાઓ	૩–૦
ચરીત્ર રત્નો સેટ ૧ લો	૨–૧૨	ચાણક્ય	૨–૦
ચરીત્ર રત્નો સેટ ૨ જો	૨–૧૨	બરફનું રણ	૨–૦
બુદ્ધિનો બાદશાહ સેટના	૨–૧૨	વિક્રમની વાતો	૪–૮
ટાગોરની બાલવાતો	૨– ૦	બુદ્ધિ વિલાસ	૫–૦
ચતુર સુજાણ	૧– ૮	જય ગુજરાત	૧–૪
બીરબલની ચિત્રમય બાલવાતો	૩–૦	દાદાજીનું ડહાપણ	૩–૮
ફતુભા ફાંકડાના પરાક્રમો	૧–૪	અક્કલ અજમાવો	૩–૦
કવિ કાલીદાસની બાલવાતો	૨–૮	ખેલાડી	૩–૦
અમારાં ગીત	૦–૬	બાટલીનો બૂચ	૩–૦
રાસ ક્રોકિલા	૦–૭	કીલુ યાને વીંટીની શોધમાં	૨–૦
પાયલ બાજે	૦–૭	બાની વાતો	૨–૦
મામાનું ઘર કેટલે ?	૨–૦	આદમમીયાં	૧–૪
જાદુઇ ચક્કી	૩–૦	સમર્થ રામદાસ	૦–૬

: મળવાનું સ્થળ :

શ્રી ન. બે. ઠક્કરની કંપની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar